| | |
|---|---|
| રજુ તારીખ | ૪/૦૮/૨૦૧૮ |
| દાખલ તારીખ | ૨૯/૦૮/૨૦૧૮ |
| ફેસલ તારીખ | ૬/૦૫/૨૦૧૯ |
| સમયગાળો | |

**નામદાર મજૂર અદાલત,આણંદના એકસ ઓફીસીઓ કમિશ્નર ફોર ધી વ. કો. એકટશ્રી એસ.એ.પઠાણ સાહેબ સમક્ષ**

**વ. કો. પરચુરણ અરજી નંબર : ૮/૨૦૧૮**

**આંકઃ–૦૮**

અરજદાર : ડિવીઝનલ મેનેજર શ્રી,
ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લી.
આણંદ

**: વિરૂધ્ધ :**

સામાવાળા : ૧.રાજેન્દ્રકુમાર જશુભાઈ પરમાર
મુ. વાંસખેલીયા પો.ખાંધલી તા.જી.આણંદ
૨.મેરી ગોલ્ડ પેઈન્ટ પ્રા.લી.
સી.૧/૧૦, જી.આઈ. ડી.સી.
વલ્લભ વિ. નગર, આણંદ

હાજર રહયા : અરજદાર તરફે વિ.વ.શ્રી જે.આર.પટેલ
સામાવાળા નં.૧તરફે વિ.વ.શ્રી આર.એ. શાહ

**: : ચુ કા દો : :**

(૧) આ કામના અરજદાર ડીવીઝનલ મેનેજર શ્રી, ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની તરફથી ડબલ્યુ સીસી એન.એફ. ૬/૨૦૧૨ ના કામે થયેલ હુકમ સામે રીવ્યુ અરજી કરેલ જે રીવ્યુ અરજી કરવામા થયેલ વિલંબ માફ કરવા અરજી આપવામા આવેલ છે.

અરજદાર તરફથી તેમની અરજીમા જણાવેલ છે કે સદર કેસમા આ કામના સામાવાળા નં.૧ એ સામાવાળા નં.૨ મા નોકરી કરતા હતા ત્યારે તા.૨૧–૦૫–૨૦૦૮ ના રોજ અકસ્માત થયેલ જે અકસ્માત અંગે તા. ૧૨–૦૩–૨૦૧૨ ના રોજ વળતર મેળવવા અરજી કરેલ જે વિલંબથી કરેલ હોય કાયદામુજબ તેઓ

તરફથી વિલંબ માફ કરવા અરજી કરેલ નથી આથી સામાવાળા નં.૧ ની મુળ અરજી માત્ર વિલંબના કારણસર રદ થવા પાત્ર હતી.ના. કોર્ટે આ અંગે કોઈ નિર્ણય લીધેલ નથી આથી સામાવાળા નં.૧ ની મુળ અરજી રદ કરવાની જરૂર છે. વધુમા અરજદાર તરફથી તેમની રજુઆતમા અરજદારને ના. કોર્ટ તરફથી ઓર્ડરની જાણ થયા બાદ ત્વરીત અમારા વકીલ શ્રી નો સંપર્ક કરેલો. તેઓએ એવોર્ડની સર્ટી. નકલ મેળવવા અરજી આપેલ આ નકલ મળ્યા બાદ અરજદારે હેડ ઓફીસનો સંપર્ક કરેલ. ત્યાંથી મંજુરી મળ્યા બાદ આ રીવ્યુ અરજી કરવામા થોડાક દિવસનો વિલંબ થયેલ છે જે માફ કરવા નમ્ર અરજ છે.

(૨) સામાવાળા નં.૧ તરફથી આંક–૭ થી લેખિત જવાબ રજુ કરી અરજદારની વિલંબ માફ કરવાની અરજીની તમામ હકિકતોનો ઈન્કાર કરેલ છે. વધુમા તેઓ તરફથી તેમના લેખિત જવાબમા આ કામના અરજદાર તરફથી મુળ વળતર અરજીના એવોર્ડની રકમ ભરવી ન પડે તેવા માત્ર બદઆશયથી જ ખોટી હકીકતોવાળી ડિલે અરજી તથા ખોટી હકીકતોવાળી રીવ્યુ અરજી દાખલ કરેલ હોય અરજદાર પાસ ેથી સામાવાળાને કોમ્પેસેટરી કોસ્ટ રૂા.૧૦,૦૦૦/– અપાવી ડીલે અરજી રદ કરવા અરજ કરેલ છે. જયારે આ કામના સામાવાળા નં.ર તરફથી અરજીના કામે જવાબ રજુ કરેલ ન હોય તેમનો જવાબનો હકક બંધ કરવામા આવેલ છે.

(૩) આ કામે વિમા કંપની તરફેથી વિ.વ.શ્રી જે.આર.પટેલે તેમની અરજી મુજબની દલીલો કરેલ છે. તથા સામાવાળા નં.૧ તરફેથી વિ.વ.શ્રી આર.એ.શાહ તરફથી તેમના જવાબ મુજબની દલીલો કરેલ છે. જયારે સામાવાળા નં.ર તરફે કોઈ હાજર ન હોય તેમનો દલીલનો હકક બંધ કરવામા આવેલ છે.

(૪) ઉપરોકત હકીકતે મારી સમક્ષના કેસની હકીકતો અને પ્લીડીગ્સ જોતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>**– : : મુ દ્દા ઓ : : –**</u>

(૧) શું ડબલ્યુ.સી.(નોન ફેટલ) કેસ નં.૬/૧૨ ના કામે પસાર કરવામાં આવેલ જજમેન્ટ વિરુધ્ધ રીવ્યુ કરવામા થયેલ વિલંબ દરગુજર કરવાની અરજી કાયદાકીય રીતે ચાલવાપાત્ર છે ?

(૩) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

<u>**– : : નિ ર્ણ યો : : –**</u>

(૧) નકારમાં.

(૨)   આખરી હુકમ મુજબ.

(૬)   ઉપરોકત મુદ્દાઓના મારા જવાબના કારણો નીચે મુજબ છે.

**– : : કા ર ણો : : –**

***મુદ્દા નં.(૧) અને (૨) :: –***

એમ્પ્લોઈઝ કમ્પનસેશન એકટ ની જોગવાઈઓ જોવામાં આવે તો કલમ–૬ માં રીવ્યુની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ તે દર અર્ધમહીને આપવાની રકમ સંદર્ભે પુનઃવિચારણાની જોગવાઈ છે. પરંતુ સમગ્ર કાયદામાં કયાંય ગુણ–દોષ ઉપર આપવામાં આવેલ ચુકાદાની પુનઃવિચારણાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી અને કોઈ પણ પક્ષકાર કમીશ્નર ધ્વારા આપવામાં આવેલ હુકમ સંદર્ભે નારાજ હોઈ તો તેઓએ નામ.વડી અદાલત સમક્ષ કાયદાની કલમ–૩૦ મુજબ અપીલ કરી શકશે તેવી જોગવાઈ કરવામાં આવેલી છે. વધુમાં સદરહું એકટ હેઠળ ઘડવામાં આવેલ નિયમો જોવામાં આવે તો તેમાં નિયમ–૪૧ માં દિવાની કાર્યરિતિ અધિનિયમની અમુક જોગવાઈઓ લાગુ પડશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ તેમાં પણ સી.પી.સી. ની રીવ્યુ માટેની જે જોગવાઈઓ છે તેનો સમાવેશ કરેલો નથી. આમ કાયદામાં જ કોઈ હુકમ સંદર્ભે રીવ્યુ થઈ શકશે તેવી જોગવાઈ કરવામાં આવેલ નથી. આ તબકકે **નામ.ઝારખંડ હાઈકોર્ટ** સમક્ષનો, **સી.ડબલ્યુ.જે.સી. નં.૩૦૪૨/૧૯૯૯ (આર),** નો કેસ કે જે **ડીવીઝનલ મેનેજર, ન્યુ ઈન્ડીયા એસ્યોરન્સ કં઼. લી. વિ. પ્રિસાઈડીંગ ઓફિસર, લેબર કોર્ટ કમ ડબલ્યુ.સી.સી., બોકારો સ્ટીલ સીટી** વચ્ચેનો છે જે તા.૭/૩/૨૦૧૩ ના રોજ નકકી થયેલ છે તેમાં પણ એમ્પ્લોઈઝ કમ્પનસ ેશન એકટ હેઠળના કેસોમાં રીવ્યુ ની જોગવાઈ નહી હોવાનું ઠરાવેલ છે. આમ સમગ્ર રીતે જોવામાં આવે તો પ્ર થમ દ્રષ્ટિએ એમ્પ્લોઈઝ કમ્પનસેશન એકટ હેઠળ ગુણ–દોષ ઉપર પસાર કરવામાં આવેલ હુકમ સંદર્ભે રીવ્યુ કરવા માટેની કાયદામાં સીધે સીધી કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. તેમ છતાં ધી એમ્પ્લોઈઝ કમ્પનસેશન રૂલ્સ–૧૯૨૪, ના રૂલ–૪૧ અન્વયે જે પ્રોવાઈઝો આપવામાં આવેલા છે તે ધ્યાને લેવામાં આવે તો, કમીશ્નરને યોગ્ય જણાય તો પુરતા કારણો આપીને તથા પક્ષકારોના હિતને કોઈ વિપરીત અસર ન થાય તેનું ધ્યાન રાખીને તે રીવ્યુ હેઠળ જે જોગવાઈનો ઉલ્લેખ કરેલ છે તે સિવાય પણ કેસમાં આગળ વધી શકશે. ત્યારે આ જોગવાઈનો હાલની અરજીમાં ઉપયોગ થઈ શકે છે કે કેમ તેની ચર્ચા કરવાની થાય છે.

(૭)   સદર કામનુ રેકર્ડ વંચાણે લેવામા આવે તો ડબલ્યુ સી (નોન ફેટલ)૬/૨૦૧૨ નો એવોર્ડ તા.૧૨–૦૪–૨૦૧૮ ના રોજ જાહેર થયેલ છે જયારે અરજદાર તરફથી હાલની અરજી તા.૨૫/૦૭/૨૦૧

૮ ની તારીખ લખેલ દાખલ થયેલ છે. જે અરજી દાખલ કરવામા થયેલ  વિલંબના અનુસંધાને વીમા કંપની તરફેથી મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે,તેમની હેડ ઓફીસમાથી મંજુરી આવ્યા બાદ હાલની અરજી કરેલ હોય અમુક દિવસનો વિલંબ થયેલ છે તે વિલંબ  દરગુજર કરવા અરજ કરેલ છે પરંતુ અરજદાર તરફથી તેમની હેડ ઓફીસમા તેઓએ રીવ્યુ કરવા મંજુરી માંગેલ હોય કે તે મંજુરી તેમની હેડઓફીસ તરફથી આપવામા આવેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમા વિલંબ દરગુજર કરવા સબંધી નામદાર વડી અદાલતોના અનેક ચુકાદામા પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ વિલંબ દરગુજર કરવા સબંધી અરજદાર તરફથી દરેક દિવસના વિલંબનો ખુલાસો કરવો જરૂરી છે તથા વિલંબ દરગુજર કરવા સબંધી વ્યાજબી કારણ જણાવવુ જોઈએ પરંતુ હાલની અરજીના કામે અરજદાર તરફથી દરેક દિવસના વિલંબનો કોઈ ખુલાસો રજુ કરેલ નથી. વધુમા આ કામના અરજદાર તરફથી વિલંબ દરગુજર કરવા સબંધી જે કારણ જણાવેલ છે તે વ્યાજબી અને પુરતુ જણાતુ ન હોય  અરજદાર એટલે કે વીમા કંપનીની હાલની અરજી કાયદાકીય અને હકીકત બંને મુદ્દા આધારે ટકી શકે તેમ ન હોઈ ત્યારે મુળ કેસમાં જે જજમેન્ટ પસાર કરવામાં આવેલ છે તેમાં કોઈ હસ્તક્ષેપ કે ફરેફાર કરવાનું ન્યાયોચિત જણાતું નથી. જેથી મુદ્દા નં.(૧) નો જવાબ તે રીતે **"નકાર"** માં આપવામાં આવે છે અને મુદ્દા નં.(૨) અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ :**

અરજદાર એટલે કે વીમા કંપનીની હાલની વિલંબ દરગુજર કરવાની અરજી આથી ના–મંજુર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તારીખ–૬થી, માહે–મે, સને–૨૦૧૯ ના રોજ ખુલ્લાં ન્યાયાલયમાં વાંચી–સંભાળવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ : ૬/૦૫/૨૦૧૯.**
**સ્થળ :આણંદ**

**(સાજીદખાં અબ્દુલખાં પઠાણ)**
**CODE : GJ01071**
**એકસ ઓફિસીઓ કમિશ્નર**
**ફોર ધી વ. કો. એકટ, એન્ડ જજ,**
**મજુર અદાલત, આણંદ.**